યૂરોપમાં હાલ ચાલતો

મહાભારત વિગ્રહ

(ટુંક સારરૂપે)

[ભાવનગરનાં નામદાર મહારાણી સાહેબની
આજ્ઞાથી પ્રસિદ્ધ]

યૂરોપમાં હાલ ચાલતો

મહાભારત વિગ્રહ

(ટુંક સારરૂપે)

ભાવનગરનાં નામદાર મહારાણી સાહેબની આજ્ઞાથી

લેખક અને પ્રકાશક

કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા,

ભાવનગર દરબારી કેળવણી ખાતાના ઉપરી,

મુ. ભાવનગર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૫.

કિંમત ચાર આના.

પ્રસ્તાવના.

ભાવનગરનાં નામદાર મહારાણી શ્રીનંદકુંવરબા સી. આઈ. એઓ સાહેબની આજ્ઞાથી પ્રસિદ્ધ થતા "બ્રિટિશ અને હિંદી વિક્રમ" નામના સાપ્તાહિક પત્રમાં પ્રકટ થયેલા મહાન્ વિગ્રહના હેવાલ ઉપરથી, એ વિગ્રહમાં જોડાયલાં રાજ્યોના ઇતિહાસનું અને તે સ્થળોની ભૂગોળનું નાની વયના વિદ્યાર્થીઓને સરલતાથી જ્ઞાન થાય એવા હેતુથી, આ ટુંક સાર લખવામાં આવ્યો છે. વિગ્રહવાળા દેશોની ભૂગોળના સવિસ્તર જ્ઞાનસારૂ રંગીન નકશાઓ તથા નકશાવાળી ઘનાકૃતિની પેટીની યોજના કરવામાં આવી છે, અને આ નકશાપેટીના ઉપયોગથી બાળકોને ગમ્મતસાથે જ્ઞાન સહેલાઈથી મળી શકશે એમ આશા રાખવામાં આવે છે. નામદાર મહારાજા સાહેબ તથા નામદાર મહારાણી સાહેબની કેળવણીબાબતમાં તીવ્ર લાગણી સુવિદિત છે; તેઓશ્રીએ પરમ અનુગ્રહ કરી એ નકશાપેટી સંસ્થાનની પ્રત્યેક શાળાને ભેટ કરવા ફરમાવ્યું છે.

નકશાપેટીઓ તૈયાર થયા પછી પણ લડાઈ તો હજી ચાલુ છે, એટલે લડાઈમાં મથક થયેલાં કેટલાંક નવાં ગામો આ સાથેના મૂળ નકશાઓમાં આવી શક્યાં નથી. તેવાં નવાં ગામો કે સ્થળો ક્યાં છે તે બીજા કોઈ મોટા નકશામાંથી જોઈ લેવાની ભલામણ કરવામાં આવે છે.

ભાવનગર,
ડીસેમ્બર ૧૯૧૫. } ભાવનગર દરબારી કેળવણીખાતું.

પેટીને સાચવવાની સૂચના.

૧. પેટીનું ઢાંકણું ધીમેથી સીધી રીતે ખેંચીને બહાર કાઢવું, કે જેથી અંદરના ઘનના કકડા હાલે નહિ, તેમજ અંદરના નકશાના કાગળો કે ઘનને ચોંટાડેલા કકડા ફાટે કે ઉખડે નહિ.

૨. પેટીમાં આપવામાં આવેલા આખા છૂટા નકશાના કાગળોને જાડા કાર્ડબોર્ડ ઉપર ચોંટાડીને રાખવા.

૩. જે નકશાની આકૃતિ મેળવવી હોય તે મૂળ નકશાવાળું બોર્ડ પાસે રાખવું. પેટી માંહેલી ઘનાકૃતિઓ છુટી કરી નાંખીને બોર્ડ ઉપરના નકશાની પ્રમાણે જોઇ જોઇ અક્ષાંશ રેખાંશ તથા સ્થળો મેળવીને એક પછી એક ઘન મુકતા જવા.

૪. દરેક ઘનને અંગુઠા તથા વચલી બે આંગળીથી બે બાજુથી પકડીને ઉપાડવો કે જેથી તે ઉપર ચોંટાડેલા નકશાના કકડા ઉખડી જાય નહિ; તેમજ તેની છએ બાજુએ ચોંટાડેલા કકડામાં લખેલી બાબત વાંચી શકાય. એ રીતે ઉપાડેલો ઘનનો કકડો જોઇ વાંચીને યોગ્ય જગાએ ગોઠવવો.

૫. ઘનની આકૃતિ મૂળ નકશા સાથે મેળવીને ગોઠવવા વખતે તે ઘનમાં લખેલું કોઇ સ્થળનું, નદીનું, પર્વતનું વિગેરે જે નામ આવતું હોય તે બરાબર વાંચીને મોઢેથી બોલતાં જવું, અને એ રીતે એક પછી એક ઘન ગોઠવતા જવા.

યૂરોપમાં હાલ ચાલતો

મહાભારત વિગ્રહ

(ટુંક સારરૂપે)

પ્રકરણ ૧.

વિગ્રહમાં જોડાયલાં રાજ્યો અને તેમની સામાન્ય હકીકત.

ઇ. સ. ૧૯૧૪ ના ઑગસ્ટ માસમાં યૂરોપ ખંડમાં જે દાવાનળ સળગી ઉઠયો તેનાથી કોઇ પણ નિશાળીઓ ભાગ્યે જ અજાણ્યો હશે. એ વિગ્રહનું કારણ શું, તથા મહાન્ બ્રિટિશ સરકારને શા સંજોગમાં એ વિગ્રહમાં ઉતરવું પડયું તેનું વર્ણન કરતા પહેલાં વિગ્રહની અગાઉ જુદાં જુદાં યૂરોપી રાજ્યોની શી સ્થિતિ હતી તે જાણવાની જરૂર છે.

યૂરોપમાં છ રાજ્યો સૌથી બળવાન્ ગણાય છે. તેનાં નામ-ઈંગ્લાંડ, ફ્રાન્સ, રૂશિઆ, જર્મની, ઑસ્ટ્રિઆ-હુંગેરી અને ઇટાલી. એ દેશોનો વિસ્તાર કેટલો છે તેનો ખ્યાલ આવે તે માટે મુંબઇ ઇલાકા સાથે તેની સરખામણી કરીએ છીએ. બ્રિટિશ ટાપુઓનો વિસ્તાર મુંબઇ ઇલાકામાં આવેલા ખાલસા મુલક જેટલો છે. ફ્રાન્સ મુંબઈ ઇલાકાથી કાંઇક મોટું છે. રૂશિઆનું ક્ષેત્રફળ હિંદુસ્તાન જેટલું છે. જર્મનીનું ક્ષેત્રફળ મુંબઇ ઇલાકા કરતાં સહેજ મોટું છે. ઑસ્ટ્રિઆ-હુંગેરી મુંબઇ ઇલાકાથી લગભગ સવાગણું છે. ઇટાલીનો વિસ્તાર મુંબઇ ઇલાકાથી પોણો છે. આ છ રાજ્યો આ મહાન્ વિગ્રહમાં જોડાયાં છે; તે ઉપરાંત બીજાં નાનાં રાજ્યો, તુર્કસ્તાન, બેલ્જીયમ, સર્વીઆ, બલ્ગેરીઆ, મૉન્ટીનીગ્રો, પણ સામેલ છે; અને એશિઆના મહાન્ રાજ્ય જાપાને પણ તે વિગ્રહમાં ભાગ લીધો છે.

ઉપર જણાંવેલાં મુખ્ય રાજ્યોની વસ્તી તથા સેનાબળ નીચે પ્રમાણે છેઃ-

દેશ.	વસ્તી.	સેનાબળ.
યુનાઇટેડ કિંગડમ (ઇંગ્લાંડ, સ્કૉટલાંડ, આયર્લાંડ)	૪,૩૩,૭૦,૦૦૦	૨૨,૭૦,૦૦૦
રૂશિઆ	૧૭,૧૦,૬૦,૦૦૦	૮૫,૫૦,૦૦૦
ફ્રાન્સ	૩,૯૬,૦૨,૦૦૦	૩૯,૬૦,૦૦૦
ઇટાલી	૩,૫૨,૩૯,૦૦૦	૧૭,૫૦,૦૦૦
સર્વીઆ	૨૯,૧૨,૦૦૦	૨,૯૦,૦૦૦
બેલ્જીયમ	૭૦,૦૦,૦૦૦	૭૦,૦૦૦
જર્મની	૬,૪૯,૨૬,૦૦૦	૬૪,૯૩,૦૦૦
ઑસ્ટ્રિઆ-હંગેરી	૪,૯૨,૧૦,૦૦૦	૪૯,૨૧,૦૦૦
તુર્કસ્તાન	૨,૧૨,૭૪,૦૦૦	૧૦,૬૩,૦૦૦

ઉપરાંત નૌકાબળવાળાં મુખ્ય રાજ્યોમાં ઇંગ્લાંડનો કાફલો શ્રેષ્ઠ છે, અને તેનાથી ઉતરતો જર્મનીનો છે. ફ્રાન્સ, રૂશિઆ, ઑસ્ટ્રિઆ, ઇટાલી અને

જાપાન પણ નૌકાબળવાળાં રાજ્યો છે. બ્રિટિશ, ફ્રેન્ચ અને રૂશિયન કાફલાઓ મળીને જર્મન અને ઓસ્ટ્રિઅન કાફલા કરતાં બમણા મોટા છે. આ વિગ્રહમાં વિજ્ઞાનશાસ્ત્રની અજાયબ જેવી શોધોનો દરેક રીતે પ્રયોગ કરવામાં આવ્યો છે. તેને પરિણામે સબમેરિન (દરિયા નીચે ચાલતી લડાયક આગબોટ), તથા હવાઇ વિમાનોનો બહોળો ઉપયોગ કરવામાં આવે છે, જેથી લડાઇનું રૂપ ઘણું ભયંકર થઇ પડયું છે.

ચાલતા વિગ્રહનાં તુરતનાં કારણોનું વર્ણન કરતાં પહેલાં યૂરોપનાં મહાન્ રાજ્યોની અંદર અંદરની રાજનીતિનો ટુંક હેવાલ આપવાની જરૂર છે. ઇ. સ. ૧૮૭૦ માં ફ્રાન્સ અને પ્રશિઆ (જર્મનીના એક વિભાગ) વચ્ચે વિગ્રહ થયો. તેને પરિણામે ફ્રાન્સના બે મોટા પ્રાંતો—આલ્સાસ અને લૉરેન—જર્મનીએ લઈ લીધા, અને ત્યારપછી પણ ફ્રાન્સને નબળું પાડવાને વખતોવખત જર્મની તરફથી ઉપા-

ચો લેવામાં આવતા હતા. તે ઉપરથી ફ્રાન્સે પોતાના બચાવ માટે રૂશિઆ સાથે મિત્રાચારીના કોલકરાર કર્યા. જર્મનીનો રાજ્યલોભ વધતો જતો હોવાથી તેણે પણ પોતાનો પક્ષ મજબૂત કરવાને ઑસ્ટ્રિઆ-હંગેરીના રાજ્યસાથે એવા જ કોલકરાર કર્યા. બાલ્કન રાજ્યોમાં સ્લાવ લોકોની વસ્તી ઘણે ભાગે છે, અને તે લોકોને તુર્કસ્તાનની જુંસરીમાંથી રૂશિઆએ મુક્ત કરી સ્વતંત્ર થવાને મદદ આપી હતી. રૂશિઆના લોકો પણ સ્લાવ જાતના હોવાથી રૂશિઆનું રાજ્ય બાલ્કનના રક્ષક તરીકે ગણાવા લાગ્યું. આવી સ્થિતિથી આસ્ટ્રિઆની લાગવગ બાલ્કન રાજ્યોમાં નબળી પડી જાય એવી ધાસ્તીથી ઑસ્ટ્રિઆ અને જર્મની રૂશિઆપ્રત્યે પણ દુશ્મનાવટની નજરથી જોવા લાગ્યાં, અને તેને લીધે ફ્રાન્સ અને રૂશિઆનો સંબંધ વધારે ઘાડો થયો. ગયા બે સૈકાથી ઈંગ્લાંડનું નૌકાબળ શ્રેષ્ઠ ગણાતું આવ્યું છે અને તેને લીધે ઇંગ્લાંડની વેપારસમૃદ્ધિ શિરટોચ પહોંચી ગઇ

છે. એ કારણથી ઇંગ્લાંડ તરફ જર્મનીની ઈર્ષ્યા દિન-પ્રતિદિન વધતી ગઇ છે. તે ઈર્ષ્યાને પરિણામે પ્રસંગ આવ્યે મહાન્ વિગ્રહમાં ઉતરવાનો ઇરાદો રાખી છેલ્લાં પચીશ વર્ષથી જર્મની પોતાના ભૂમિબળમાં તથા નૌકાબળમાં મોટો વધારો કર્યું જતું હતું. એ સેનાબળના વધારાને જરૂર પડે ત્યારે પહોંચી વળવાને બીજાં મુખ્ય રાજ્યોને પણ પોતાના બળમાં વધારો કરવાની જરૂર પડી હતી. આને પરિણામે યૂરોપની બધી પ્રજાઉપર લડાયક તૈયારીનો બોજો અસહ્ય થઈ પડ્યો, અને તે બોજો અમુક હદમાં રાખવાના ઈરાદાથી રૂશિઆના શહેનશાહે બધાં રાજ્યના પ્રતિનિધિઓની એક સુલેહસભા હોલાંડમાં આવેલા હેગ નગરમાં બોલાવી. એ સભામાં ભૂમિસેનાબળ અને ખાસ કરીને નૌકાબળ અમુક હદમાં રાખવાની દરખાસ્ત ઉપર બધાં રાજ્યોએ વિચાર ચલાવ્યો, અને તેમાં લગભગ બધાં રાજ્યો કબુલ થયાં; પણ જર્મની વિરુદ્ધ પડયું એટલુંજ નહિ પણ પોતાના

નૌકાબળમાં ઉલટો વધારો કરવા લાગ્યું. આથી યૂરોપનાં બીજાં રાજ્યોને જર્મની ઉપર અણુવિશ્વાસ થયો. પરિણામ એ આવ્યું કે વખત આવ્યે જર્મનીની સામે બચાવ કરવાના હેતુથી યૂરોપનાં રાજ્યો મિત્રાચારીની ગાંઠથી જોડાવા લાગ્યાં. ઇ. સ. ૧૯૦૪ માં ઇંગ્લાંડ અને ફ્રાન્સ ભાઇબંધ થયાં, અને ત્રણ વરસ પછી રૂશિઆ પણ એ ભાઇબંધીમાં જોડાયું. આવાં કારણોથી યૂરોપમાં બે પક્ષ બંધાયા. એક તરફ ઇંગ્લાંડ, ફ્રાન્સ અને રૂશિઆ, અને બીજી તરફ જર્મની, ઑસ્ટ્રિઆવિગેરે.

પ્રકરણ ૨.

લડાઇનાં કારણો.

આ પ્રમાણે પડેલા બે પક્ષમાંથી જર્મની અને ઑસ્ટ્રિઆએ પહેલી તકનો લાભ લઇ લડાઇમાં ઉતરવાના ઇરાદાથી મોટા પાયા ઉપર લડાઇની તૈયારી કરી રાખી હતી. તે દરમિયાન ઇ.સ. ૧૯૧૨–૧૩ની

સાલમાં તુર્કસ્તાન અને બાલ્કન રાજ્યો વચ્ચે લડાઇ થઇ તેમાં તુર્કસ્તાન નબળું પડી ગયું, અને સર્વિઆનું જોર વધ્યું. તેથી ઑસ્ટ્રિઆએ સર્વિઆ પ્રત્યે દુશ્મનાવટની લાગણીથી જોવા માંડયું. એ દરમિયાન ઇ.સ. ૧૯૧૪ના જુનની ૨૮મી તારીખે ઑસ્ટ્રિઆના પાટવી કુંવર આર્ચ ડયુક ફ્રાન્સીસ ફર્ડિનાન્ડ અને તેની ઓરતનાં સેરાયેવોની શેરીમાં ખુન થયાં. સર્વિઆ ઉપર આ અપરાધનો વાંક ઢોળવામાં આવ્યો. કેટલાએક વખત પછી ઑસ્ટ્રિઆએ સર્વિઆને એ ખુનની તપાસ માટે અમુક શરતો સ્વીકારવાનું અથવા લડવા તયાર થવાનું કહેણુ મોકલ્યું. તે પ્રમાણે તપાસ કરવા માટેની ઑસ્ટ્રિઆની લગભગ સઘળી માગણી સર્વિઆએ કબુલ કરી. ઑસ્ટ્રિઆએ તેનું કાંઇપણ સાંભળવાની ના પાડીને લડાઇ જાહેર કરી. જર્મનીનો ઇરાદો પણ સર્વિઆને નબળું પાડવાનો હોવાથી તે પણ ઑસ્ટ્રિઆની સાથે આ લડાઈમાં જોડાયું. સર્વિઆ કચડાઇ ન જાય માટે રૂશિઆએ સર્વિઆનો પક્ષ

લીધો, અને રૂશિઆએ જર્મનીને જણાવ્યું કે તે ઑસ્ટ્રિઆને હાથે સર્વિઆનો નાશ થવા દેશે નહિ.

ઇંગ્લાંડે તે તકરારનો સલાહસંપથી નિકાલ આણવા માટે ઘણી મહેનત કરી પણ જર્મની અને ઑસ્ટ્રિઆએ એકદમ રૂશિઆ સામે લડાઇ જાહેર કરી. ફ્રાન્સ રૂશિઆ સાથે મિત્રાચારીના કોલકરારથી બંધાયલું હતું. ફ્રાન્સ હવે રૂશિઆને મદદ કરશે એવી બ્હીકથી જર્મનીએ ફ્રાન્સની સરહદપર લશ્કર એકઠું કર્યું, અને બેલ્જીયમનો એ તકરારમાં બિલકુલ હાથ નહતો તોપણ બેલ્જીયમમાં ઝટપટ લશ્કર મોકલ્યું, અને ફ્રાન્સ સામે લડાઇ જાહેર કરી.

ઇંગ્લાંડને ફ્રાન્સ સાથે મિત્રાચારી હોવાથી ઇંગ્લાંડે ફ્રાન્સના કિનારાનું અને વહાણોની આવજાનું પોતાના કાફલાથી રક્ષણ કરવાનું વચન આપ્યું. વળી ઇંગ્લાંડે બેલ્જીયમ ઉપર ચઢાઇ ન કરવાનું વચન જર્મનીપાસે-થી માગ્યું. જર્મનીએ અગાઉ બેલ્જીયમને સ્વતંત્ર રાખવાનો કરાર કર્યો હતો તોપણ તેણે આ પ્રસંગે

તે કરારને કાગળનું ફોતરૂં કહી તે પ્રમાણે વર્તવાની ના પાડી, અને જેમ બને તેમ જલદીથી ફ્રાન્સ પહોંચી જવાય એવી ધારણાથી નિરપરાધી બેલ્જીયમ ઉપર તે તુટી પડયું. આવા સંકટના સમયમાં બેલ્જીયમના રાજા આલ્બર્ટે ઇંગ્લાંડના નામદાર શહેનશાહ જ્યૉર્જની મદદ માગી; તેથી બેલ્જીયમ જેવા નાના રાજ્યને જર્મનીના જુલમી લશ્કરીબળથી કચડાઇ જતું અટકાવવાના હેતુથી ઇંગ્લાંડને લડાઇમાં ઉતરવાની જરૂર પડી, કેમકે ઇંગ્લાંડ હમેશાં જુલ્મીઓની સામે પડીને સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં મુલકમશહુર છે.

પ્રકરણ ૩.

બ્રિટિશ સંસ્થાનો તથા હિંદુસ્તાને લીધેલો ભાગ.

આ વિગ્રહની શરૂઆત થઇ તે અગાઉ જર્મની એમ માનતું હતું કે ઇંગ્લાંડનાં સંસ્થાનો અને હિંદુસ્તાન ખરા દિલથી ઇંગ્લાંડને મદદ કરશે નહિ,

એટલું જ નહિ પણ કોઇ કોઇ ઠેકાણે લોકો સરકારની સામા થશે. જર્મનીની આ ધારણા તદ્દન ખોટી પડી; અને કૅનેડા, ઑસ્ટ્રેલિઆ, ન્યુઝીલાંડ, દક્ષિણ આફ્રિકા અને હિંદુસ્તાન વિગેરે બ્રિટિશ મુલકો લશ્કરની, પૈસાની અને લડાઇ માટે જોઇતી દરેક પ્રકારની સામગ્રીની એક દિલથી મદદ આપવા તત્પર થઇ ગયા.

સને ૧૯૧૪ ના ઑગસ્ટ માસમાં બેલ્જીયમ પર પહેલો ધસારો થયો કે તરત ઇંગ્લાંડથી સર જૉન ફ્રેન્ચની સરદારી નીચે આશરે પોણા બે લાખ માણસનું લશ્કર ઇંગ્લાંડે ફ્રાન્સમાં મોકલ્યું. તેજ વખતે હિંદુસ્તાનથી પણ આશરે સવાલાખ માણસનું (શીખ, પંજાબી મુસલમાન, ગુરખા, રજપૂત, મરાઠા વિગેરેનું) લશ્કર ફ્રાન્સમાં ગયું. તે ઉપરાંત હિંદુસ્તાનની પ્રજા અને દેશી રાજાઓએ પણ પૈસા અને માણસોની પૂર્ણ મદદ આપી વફાદારી બતાવી છે. કેટલાક દેશી રાજાઓ પોતે જાતે ક્ષત્રિય ધર્મપ્રમાણે

લડાઇમાં ઉતર્યા છે, જેવા કે જોધપુરના મહારાજા, બિકાનેરના મહારાજા, કિશનગઢના મહારાજા, બારિયાના મહારાજા, જામનગરના જામ સાહેબ, વાંકાનેરના રાજસાહેબ વિગેરે. બીજા રાજાઓએ પોતાનાં માણુસો અને સર્વ સાધનો નામદાર બ્રિટિશ શહેનશાહની સેવામાં હાજર કર્યા છે. હૈદરાબાદના નિઝામે પોતાનાં બધાં ઘોડાં અને હૈદરાબાદ 'ઇમ્પીરિયલ સર્વિસ લાન્સરો ' વિગેરેના ખર્ચ માટે ૬૦ લાખ રૂપિઆ આપ્યા. મ્હૈસૂરના મહારાજાએ ૫૦ લાખ રૂપિઆ આપ્યા. સિંધિઆ સરકારે એક ' રેડ ક્રૉસ મોટર ઍમ્બ્યુલન્સ નૌકા ' અર્પણ કરી, અને ભોપાળનાં બેગમ સાહેબ તથા બીજા રાજ્યકર્ત્તાની સાથે મળીને એક હૉસ્પિટલ વહાણુ નામે ' મદ્રાસ ' બંધાવી આપ્યું.

હિંદુસ્તાનનાં મોટાં મોટાં શહેરોમાં વળી શહેરીઓની મોટી સભાઓ થઈને જાહેર ફંડો ઉઘાડવામાં આવ્યાં, જે " વૉર રીલીફ ફંડ " ના નામથી

ઓળખાય છે. એ ફંડમાંથી મોખરે લડતી સેનાને જરૂરનાં સાધનો, ખાવા પીવાની વસ્તુઓ, પહેરવાનાં કપડાં, પુસ્તકો, સિગારેટ, મીઠાઇ વિગેરે બીજી આરામની ચીજો મોટા જથામાં મોકલવામાં આવે છે. વળી દેશી રાજ્યમાંથી 'ઇમ્પીરિયલ સર્વિસ ટ્રુપ્સ' નામે ઓળખાતું દેશી લશ્કર મોકલવામાં આવ્યું છે, અને તેમાં ભાવનગરના લશ્કરે પણ ભાગ લીધો છે.

ઇંગ્લાંડ પોતાના કાફલાવડે દરિયા ઉપર સર્વોપરી સત્તા ધરાવે છે તેથી હિંદુસ્તાનને કોઇપણ પ્રકારનો ભય નથી. વેપારમાં ખલલ પહોંચાડવાને કેટલીક જર્મન 'ક્રુઝરો' છૂટી છવાઇ ફરતી હતી તેમાંની "એમડન" નામની એક બંગાળાના ઉપસાગરમાં આવી, અને મદ્રાસપર થોડા ગોળા ફેંકયા. તેનાથી થોડું નુકસાન થયું હતું; પણ પછી થોડી મુદતમાં તેવા બધી 'ક્રુઝરો'નો નાશ કરવામાં આવ્યો છે. પૂર્વ તરફના દરિયામાં જર્મન 'ક્રુઝરો' નિર્દોષ વેપારીના જાનમાલને નુકસાન કરતી હતી તે વખતે જાપાન પણ ઇંગ્લાંડની સાથે કોલકરારથી બંધાયલું હોવાથી

જર્મનીની સામે લડાઇમાં ઉતર્યું, અને પોતાના કાફલાની મદદ આપી, તથા ચીનમાં આવેલું જર્મનીનું કયાઉચાઉ નામનું સંસ્થાન લઈ લીધું.

જર્મનીનાં બીજાં સંસ્થાનો દુનિયાના જુદા જુદા ભાગમાં આવેલાં હતાં. તેમાંથી પાસિફિક મહાસાગરમાં આવેલાં સંસ્થાન ઑસ્ટ્રેલિઆ તથા ન્યુઝીલાંડે લઇ લીધાં, અને દક્ષિણ આફ્રિકામાં આવેલું જર્મન સંસ્થાન ઇંગ્રેજના 'સાઉથઆફ્રિકા' નામે ઓળખાતા સંસ્થાને જીતી લીધું છે. તે ઉપરાંત ટોગોલેન્ડ, કેમેરૂન નામનાં સંસ્થાનો પણ જર્મનીએ ખોયાં છે.

ઉપર બતાવ્યા પ્રમાણે હિંદુસ્તાન તથા બીજાં બ્રિટિશ સંસ્થાનોએ ઇંગ્લાંડને જુદે જુદે સ્થળે મદદ કરી તેના સંબંધમાં તુર્કસ્તાનનો હેવાલ આપવાની કાંઇક જરૂર છે.

કેટલાંએક વર્ષોપર તુર્કસ્તાનમાં એક મોટી રાજ્યની ઉથલપાથલ થઇ હતી. તેને પરિણામે તુર્કસ્તાનમાં "જુવાન તુર્ક" નામે ઓળખાતા પક્ષની

તથા તેના આગેવાન અનવરપાશાની સત્તા જામી. લડાઇની પહેલાં ઘણો વખત થયાં જર્મન લોકો તુર્કસ્તાનમાં ખટપટ કરતા હતા, અને અનવરપાશાને તેઓએ પોતાના પક્ષમાં લઇ લીધો. આ મહાન્ વિગ્રહની શરૂઆતમાં જર્મનીનાં ' ગોબન ' અને 'બ્રેસ્લો' નામનાં બે લડાયક વહાણો નાસીને તુર્કસ્તાનમાં ગયાં. નિયમ પ્રમાણે તેમને કાઢી મુકવાં જોઇએ. તેને બદલે જર્મનીની ઉશ્કેરણીથી અનવરપાશા ગુસ્સો ચઢે એવાં કામ દરરોજ કરતો રહ્યો. તેણે ડાર્ડનલ્સની સામુદ્રધુનિ બંધ કરી, ઇંગ્લાંડ અને મિત્રરાજ્યોનાં વહાણોને હરકત કરી, લશ્કર એકઠું કર્યું, મિસર ઉપર હલ્લો કરવાની ધમકી દેખાડી, અને સરહદ ઉપર ખરેખર હલ્લો પણ કર્યો. આ સ્થિતિને પહોંચી વળવાને માટે હિંદુસ્તાનથી લશ્કર મિસર ગયું, અને તેણે મિસરનું રક્ષણ કર્યું. વળી બીજું લશ્કર એશિઆઇ તુર્કસ્તાનમાં મોકલવામાં આવ્યું તેણે બસરા લીધું, અને મેસોપોટેમિઆ નામે ઓળખાતો

યુફ્રેટિસ અને ટાઇગ્રીસ નદીઓ વચ્ચેનો મુલક સર કરી તે લશ્કર લગભગ બગદાદ સુધી પહોંચી ગયું છે. મિસર અને ડાર્ડનલ્સમાં હિંદુસ્તાનના લશ્કર ઉપરાંત ઑસ્ટ્રેલિઆ અને ન્યુઝીલાન્ડનાં મોટાં લશ્કર એ લડાઇમાં અંગ્રેજની મદદે આવી પહોંચ્યાં છે.

પ્રકરણ ૪.

પશ્ચિમ બાજુએ લડાઇ.

સને ૧૯૧૪ ના ઑગસ્ટ મહિનામાં જર્મન લોકો જ્યારે બેલ્જીયમ પર તુટી પડયા ત્યારે તેની શૂરવીર પ્રજાએ ઘણી બહાદુરીથી બચાવ કર્યો, પરંતુ તેનું લશ્કર ઘણું થોડું હતું, અને જર્મનીનાં ઘણા વખતથી સંગ્રહ કરેલાં લડાયક સાધનો અખૂટ હતાં તેથી જર્મન લશ્કરે બેલ્જીયમના લીજ અને નેમુરના કિલ્લા તરત જ લઇ લીધા; અને તેઓની રાજધાનીનું

શહેર બ્રસેલ્સ કબજે કરી તે લશ્કર ફ્રાન્સ તરફ આગળ વધવા લાગ્યું. ઇંગ્લાંડ અને ફ્રાન્સનાં લશ્કર દુશ્મનને અટકાવવા સામાં ગયાં અને મૉન્સ અને શાર્લરૉય વિગેરે સ્થળે લડાઇ થઇ, પણ ત્યાંથી તેમને પાછું હઠવું પડયું અને જર્મન લશ્કર બેલ્જીયમમાંથી ફ્રાન્સમાં આવ્યું તથા લીલ અને રીમ્ઝ વિગેરે શહેરો કબજે કરી માર્ન નદી સુધી ધસી આવ્યું. પારીસ પણ જોખમમાં આવ્યું હતું. તે વખતે માર્ન નદીપર મોટું યુદ્ધ થયું તેમાં ફ્રાન્સના સરદાર જનરલ જૉફ્રે તથા અંગ્રેજના સરદાર સર જૉન ફ્રેન્ચ એ બન્નેએ દુશ્મનોને હરાવી ઠેઠ આઇન નદી સુધી નસાડી મુકયા. પારીસ પહોંચવાની પોતાની નેમમાં આ પ્રમાણે નિષ્ફળ થવાથી જર્મનોએ ફ્રાન્સના ઉત્તર કિનારાપર આવેલાં કૅલે અને ડંકર્કનાં બંદરો હાથ કરવા ઇરાદો કર્યો. તે દરમીઆન બેલ્જીયમનો બાકી રહેલો આન્ટવર્પનો કિલ્લો તથા ઑસ્ટૅન્ડનું બંદર જર્મનોએ લઈ લીધાં, અને ઇપ્ર પાસે મોટું યુદ્ધ

ફરી કૅલે પહોંચવાનો પ્રયાસ કર્યો. પણ અંગ્રેજ લશ્કર જેમાં હિંદુસ્તાનનું તથા કૅનેડાનું લશ્કર પણ સામેલ છે તેણે બહાદુરીથી ઇપ્રનો બચાવ કરી દુશ્મનની નેમ ફાવવા દીધી નહિ. આ પ્રમાણે બીજી વાર પણ ઇપ્ર પાસે જર્મનોને સખત હાર પમાડી છે.

ત્યારપછી આઇન નદીના કાંઠાપર તથા બેલ્જીયમમાં ઇસરના કાંઠાપર મોટી ખાઇઓ ખોદી મજબૂત કિલ્લેબંદી કરી જર્મન લશ્કર પોતાના બચાવમાં પડયું છે. ધીમે ધીમે તેને પાછું હઠાડવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ચાલુ સાલના માર્ચ મહિનામાં ન્યુશાપલ નામના ગામપાસે અંગ્રેજોએ એક જીત મેળવી જર્મનોની મોટી ખુવારી કરી હતી, અને સપ્ટેમ્બર મહિનામાં લુસપાસે અંગ્રેજી લશ્કરે તથા શામ્પેઇન પરગણામાં ફ્રેંચ લશ્કરે જર્મનોને સખ્ત માર માર્યો, સવા લાખ માણસ કેદ કર્યું, અને દારૂગોળો તથા તોપનો મોટો જથો હાથ કર્યો.

બેલ્જીયમ અને ફ્રાન્સનો જે ભાગ જર્મનોને હાથ

ગયો તે ભાગમાં તેઓએ ત્રાસ વર્તાવી દીધો છે. લુએન, ડીનાન્ટ વિગેરે મોટાં ગામો અને શહેરો લૂંટી લઈ બાળી નાંખ્યાં. નિર્દોષ બૈરાં છોકરાંપર જુલમ કરી તેમને મારી નાંખવાથી અથવા કેદ પકડવાથી પણ તેઓ ખંચાયા નથી. તેઓનું ઘાતકીપણું એટલેથીજ બસ રહ્યું નહિ. લડાઇમાં ઘાયલ થયલાની સારવાર કરવાના કામમાં રોકાયલા માણસો તરફ પણ જુલમ ગુજારવામાં આવ્યો, અને એક અંગ્રેજી નર્સ મિસ એડિથ કેવેલને નજીવા વાંક માટે મારી નાંખવામાં આવી.

જર્મન લોકોના ઘાતકીપણાના બીજા પણ દાખલા છે. દરિયાની સપાટી નીચે ચાલતી સબમેરિનથી વેપારીઓની તથા ઉતારૂઓની ઘણી આગબોટોને ચેતવણી આપ્યા વગર તેઓ ડુબાડી દે છે, અને તે આગબોટોમાં રહેલાં બૈરાં છોકરાંને બચાવ કરવાનો વખત પણ આપતા નથી. આ ઘાતકીપણાને

પરિણામે લુસીટેનિઆ વિગેરે બએ હજાર ઉતારૂવાળી આગબોટોનો નાશ થયો છે. આવી સબમેરિનોને અંગ્રેજી કાફલાએ પોતાના બળથી તારાજ કરી છે, અને દરિયાપર જાનમાલની સહીસલામતી ફરીવાર સ્થાપી છે, જેને લીધે ઈંગ્લાંડ તથા હિંદુસ્તાનનો તેમજ બીજા ભાગ સાથેનો વેપાર નિર્વિઘ્ને ચાલ્યો જાય છે.

સબમેરિન ઉપરાંત બીજાં પ્રાણઘાતક રાક્ષસી સાધનનો જર્મની ક્રૂરતાથી ઉપયોગ કર્યું જાય છે. ઝેપેલીન નામનાં તથા એવી એવી જાતનાં હુવાઇ વિમાન ઈંગ્લાંડ તથા ફ્રાન્સ વિગેરેમાં જર્મનો મોકલ્યા કરે છે, જેમાંથી સળગી ઉઠે એવા ગોળા ગામો અને શાહેરો ઉપર નાંખીને કેર વર્તાવવામાં આવે છે.

પ્રકરણ ૫.

પૂર્વ બાજુએ લડાઈ.

જ્યારે લડાઇ શરૂ થઇ ત્યારે જર્મનીએ પૂર્વમાં ઘણાં માણસો રાખ્યાં નહતાં, કારણ કે તેણે પહેલાં ફ્રાન્સને કચડી નાંખી રૂશિઆપર પૂરજોરથી હુમલો કરવાનો ઇરાદો રાખ્યો હતો. રૂશિઆ જો કે જબરો દેશ છે તોપણ તેમાં રેલ્વે બહુ થોડી છે, એટલે પોતાનું લશ્કર એકઠું કરીને દુશ્મનોની સામે ઉતરવામાં રૂશિઆને ઘણો વખત લાગે છે; પણ આ વખતે જર્મનીએ ધાર્યા કરતાં રૂશિઆનું લશ્કર વધારે ઝડપથી ભેગું થયું. તેણે પૂર્વ પ્રશિયા પર હુલ્લો કર્યો; અને કોનીગ્ઝબર્ગને ઘેરો ઘાલી લગભગ પોઝન સુધી તે લશ્કર આવી પહોંચ્યું. તેથી જર્મનીપર એટલું દબાણ થયું કે તેને ફ્રાન્સ તરફથી પોતાના લશ્કરનો કેટલોક ભાગ બોલાવી લેવો પડયો, અને તેથી જ પારીસ બચ્યું. આ નવા આવેલા લ-

શ્કરે રૂશિઆપર જબરો હુમલો કર્યો, ઉત્તરેથી તથા પૂર્વેથી પોલાંડમાં ઘુસી લોડઝ લઇ લીધું, અને જમનો વિશ્ચુલાપર આવેલા પોલાંડના મુખ્ય શહેર વાસા સુધી આવી પહોંચ્યા. રૂશિઆએ પોતાના બચાવ માટે જબરૂં લશ્કર સામું મોકલી હુમલો કરનાર લશ્કરને બે વાર પાછું કાઢયું, એટલુંજ નહિ પણ જર્મનીની પૂર્વતરફ સાલીસીયામાં રૂશિયનો દાખલ થયા, અને લગભગ ક્રાકો સુધી આવી પહોંચ્યા. આ પ્રમાણે ઉત્તર પોલાંડમાં લડાઈ ચાલતી હતી ત્યારે ઑસ્ટ્રિયાના લશ્કરે પોલાંડપર ધસારો કર્યો અને તે લબ્લીન તરફ આગળ વધ્યું, પણ રૂશિઅનોએ તે હુમલાને બહાદુરીથી પાછો હઠાવ્યો અને ગેલીસીઆનું મુખ્ય શહેર લેમ્બર્ગ લઇ લીધું. ત્યાંથી આગળ વધી પ્રેશેમિશલનો મોટો કિલ્લો કબજે કર્યો, અને એક લાખ કરતાં વધારે માણસોને કેદ કરી ઘણી તોપો અને સામાન મેળવ્યો. પછી તેણે દક્ષિણે કાર્પેથીઅન પર્વત ઓળંગી હુંગેરી પર હુમલો કરવાની તૈયારી કરી.

રૂશિઆમાં શિયાળામાં બરફ તથા વરસાદ ઘણો પડે છે અને ટાઢ પણ સખ્ત હોય છે તેથી લડાઇનું કામ જોસથી ચાલી શકતું નથી. પરંતુ જ્યારે સને ૧૯૧૫ના માર્ચ મહિનામાં રૂશિઅનોએ હંગેરી પર હુમલો કર્યો ત્યારે જર્મનીએ જાણ્યું કે જો પોતે આસ્ટ્રિયાને મદદ નહિ કરે તો ઑસ્ટ્રિયાનો સખત પરાજય થશે, એટલા માટે તેણે ઑસ્ટ્રિયાને લશ્કરની તથા તોપખાનાની મદદ મોકલીને રૂશિઅનોને પાછા હઠાવ્યા. રૂશિઅન લોકોના નીવા નદી ઉપર આવેલા એક શહેરમાં દારૂગોળા બનાવવાનું મોટું કારખાનું હતું તે જર્મનોની દગલબાજીથી સળગી ગયું, તેને લીધે આવા મોટા લશ્કરને જોઇતો લડાઈનો સામાન પૂરો પાડવાની રૂશિઆને મુશ્કેલી આવવા માંડી. તેથી ઑસ્ટ્રિયા અને જર્મનીના એકઠા હુમલાની સામા જોઇતો બચાવ રૂશિઅનો કરી શકયા નહિ, અને તેઓને શેમિલ, લેમ્બર્ગ વિગેરે ગામો છોડી ગેલીસીઆમાં સ્ટ્રીપા નદી સુધી પાછું હઠી જવું પડયું. તે

દરમ્યાન ઉત્તર પોલાંડથી જર્મન લશ્કર આગળ વધી વાર્સો તરફ આવ્યું, અને દક્ષિણ પોલાંડમાંથી પણ ઑસ્ટ્રિયા અને જર્મનીનું સંયુક્ત લશ્કર લબ્લીન અને ચોલ્મને રસ્તે થઇ વાસાની પછવાડે આવવા લાગ્યું. આથી વાર્સો તરફ આવેલું રૂશિઆનું લશ્કર ઘેરાઈ ન જાય માટે રૂશિઆના બાહોશ સરદાર ગ્રાન્ડ ડયુક નિકોલસે વાર્સો ખાલી કર્યું અને ઘણીજ કુનેહથી લશ્કરને પાછું હઠાવ્યું, તથા રૂશિઆના જુદા જુદા ભાગમાં લડતાં લશ્કરોનો સંબંધ જાળવી રાખ્યો.

ઉત્તરથી આગળ વધતું જર્મન લશ્કર કોવ્નો, ગ્રોડનો અને વિલ્નાના કિલ્લા લઇ ડ્વિન્સ્ક તરફ આગળ વધ્યું, તેજ વખતે બાલટિકના કાંઠાપર વધતું જર્મન લશ્કર લીબાઉ અને મિટાઉનું અંદર લઇ રીગા તરફ ધસ્યું, અને શિયાળો આવવા પહેલાં રિગા અને ડ્વિન્સ્ક કોઇ પણ પ્રકારે લેવાની જર્મનોએ નેમ રાખી હતી, પરંતુ તેમાં તેઓ ફાવ્યા નથી. બાલટિક સમુદ્રને રસ્તે પણ

રિગા સુધી પહોંચવાને જર્મનોએ મહેનત કરી, પણ રૂશિઅન કાફલાએ અંગ્રેજી સબમેરિનની મદદથી જર્મન કાફલાને હરાવી કાઢયો અને તેનો માલ વિગેરે લઇ જનાર આગબોટોને ડુબાડી દીધી. બાલટિકમાં રહેલી અંગ્રેજી સબમેરિને સ્વીડન અને જર્મની વચ્ચેનો વ્યવહાર બંધ કરી દીધો છે. મધ્ય પોલાંડમાં આવેલા વાર્સોની પૂર્વ તરફ રૂશિઆમાં વધતું જર્મન લશ્કર બ્રેસ્ટલીટોવસ્કનો કિલ્લો હાથ કરી આગળ વધ્યું, અને પ્રીપેટના ભીનાશવાળા પ્રદેશ સુધી પહોંચ્યું. દક્ષિણ પોલાંડમાંથી આગળ વધતાં પૂર્વ તરફ " કોવેલ " નામનું શહેર લઇ જર્મનો આગળ વધ્યા અને કીવસુધી પહોંચી જવાની તેમની ધારણા હતી; પણ રૂશિઅન લોકોને દારૂગોળાની તંગી અંગ્રેજ અને જાપાને પૂરી પાડી; એટલે પૂરતા જથામાં જોઇતો સામાન રૂશિઅન લશ્કરોને મળી શકયો, તેથી રૂશિઅન લશ્કરને પાછા હઠવાની જરૂર રહી નહિ. ઉલટા તેઓએ ઘણી

જગ્યાએ સામા ધસારા કરવા માંડયા છે, અને તેને પરિણામે ઉત્તરમાં મધ્યમાં અને દક્ષિણમાં કોઇ ઠેકાણે હવે જર્મન લશ્કર ફાવતું નથી.

પ્રકરણ ૬.

ઈટાલી અને બાલ્કન રાજ્યો.

સને ૧૯૧૪ ના મે માસથી ઇટાલી મિત્રરાજ્ય જોડે મળી ગયું છે. પહેલાં તો તે જર્મની અને ઑસ્ટ્રિયાનું મિત્ર હતું, પણ જ્યારે ઑસ્ટ્રિયાએ હેર્ટ્સેગોવિના અને બોસનિયા નામના તુર્કી પ્રાન્તો પોતાના મુલક સાથે જોડી દીધેલા ત્યારે ઇટાલીને કશો લાભ મળેલો નહિ. વળી જ્યારે ઑસ્ટ્રિયાએ સર્વિઆને ૧૯૧૪ ના જુલાઈમાં લડાઈનું કહેણ મોકલ્યું ત્યારે તેણે ઇટાલીને પોતાના ઈરાદાથી વાકેફ કરેલું નહિ, તેથી ઇટાલીએ ઑસ્ટ્રિયાની સાથે આ મહાન્ વિગ્રહમાં સામેલ થવાની ના પાડી કારણ કે તેને લાગ્યું કે લડાઈની

પહેલ ઑસ્ટ્રિયાએ કરી છે. વળી ઇટાલીની ઉત્તરે આવેલાં ટ્રેન્ટીનો, આઇસોન્ઝો ખીણની બન્ને બાજુનો મુલક, અને ઇસ્ટ્રિયાાને દ્વીપકલ્પ ઑસ્ટ્રિયાના હાથમાં છે. આ બધા પ્રદેશોમાં મુખ્ય વસ્તી ઇટાલીયનોની છે અને તેમાં પોલા અને ટ્રીએસ્ટનાં મહત્ત્વનાં બંદરો છે. આને લીધે તે મુલક પોતાને મળે તો વ્યાજબી ગણાય એમ ઇટાલી સમજતું હતું. આવાં કારણોને લીધે તે મિત્રરાજ્યોની સાથે સામેલ થઇ લડાઇમાં ઉતર્યું.

ઇટાલીનો કાફલો બળવાન્ છે, અને જ્યારથી તે લડાઇમાં જોડાયું ત્યારથી ભૂમધ્ય સમુદ્રનું રક્ષણ તેણે પોતાના હાથમાં લીધું છે, અને જમીન ઉપર ટ્રેન્ટીનો તરફ અને આઇસોન્ઝોની ખીણમાં તેનું લશ્કર આગળ વધ્યું જાય છે. આ મુલકમાં આલ્પ્સ નામના પર્વતો હોવાથી ઇટાલીને ઘણી મુશ્કેલી વચ્ચે કામ કરવું પડે છે, પરંતુ તેના બહાદુર સિપાઇઓ કાર્સોપ્લેટો નામથી ઓળખાતો આલ્પ્સનો ભાગ ઓળંગી ગયા અને ગોરીઝીઆના મોટા કિલ્લા સુધી

પહોંચી ગયા છે. આ પ્રમાણેના તેના દબાણથી ઑસ્ટ્રિયનોને પોતાનું લશ્કર મોટા જથામાં ઇટાલી સામે પોતાના બચાવ માટે રાખવું પડયું છે, અને તેથી રણભૂમિનાં બીજાં સ્થળોએ ઓસ્ટ્રિયનો બહુ જોર બતાવી શકતા નથી.

બીજા પ્રકરણમાં કહી ગયા પ્રમાણે ઑસ્ટ્રિયનોએ સર્વિઆને લડાઇનું કહેણ મોકલ્યું; ત્યારપછી તેઓએ સર્વિઆ ઉપર હુમલો કર્યો અને પોતાની સરહદ પાસે આવેલું સર્વિઆની રાજધાનીનું શહેર બેલગ્રેડ લઇ લીધું. સર્વિઅનોએ સારી રીતે ટક્કર ઝીલી. તેનું લશ્કર થોડું હતું. વળી ૧૯૧૨–૧૩ માં તુર્કસ્તાન અને બાલ્કન રાજ્યોના વિગ્રહને પરિણામે તે ખોખરૂં થઇ ગયું હતું. તેમ છતાં સ્વદેશભૂમિના બચાવને માટે ત્યાંની આખી પ્રજા તત્પર થઇ અને ઑસ્ટ્રિયનો જો કે બેલગ્રેડ લઈ સર્વિઆમાં આગળ વધ્યા હતા તોપણ સર્વિઅનોએ તેમને મારી હઠાવ્યા અને બેલગ્રેડ પાછું હાથ કર્યું. ઑસ્ટ્રિયન લશ્કરે સર્વિઅન

પ્રત્યે ઘણું ઘાતકીપણું બતાવ્યું હતું. આવી દુઃખી સ્થિતિમાં કુદરતી આફત પણ સર્વિઆપર આવી પડી અને દેશમાં કૉલેરા તથા ઝેરી તાવ ફાટી નીકળ્યા, અને અસંખ્ય માણસો તેના ભોગ થઇ પડયા. તેમ છતાં સર્વિઆનું રાજ્ય ડગ્યું નહિ, પણ જરૂર પડે ત્યારે બચાવને માટે પોતાનું લશ્કર બને તેટલું સજ્જ રાખ્યું, અને એવા બચાવની ખરેખર જરૂર પણ પડી.

જ્યારે જર્મનીની ફ્રાન્સ ઉપરની ધારેલી નેમ પાર ન પડી ત્યારે જેમ તે રૂશિઆપર ધસારો લઇ ગયું હતું, તેમ જ હવે જ્યારે રૂશિઆ ઉપર પણ ધારેલી નેમ પાર પડી નહિ ત્યારે તેણે સર્વિઆના નાના રાજ્ય તરફ પૂર જોરથી ધસારો કરવાનો નિશ્ચય કર્યો. વળી બીજું કારણ એ હતું કે ડાર્ડનલ્સમાં આગળ વધતું અંગ્રેજી લશ્કર તુર્કસ્તાનનું મુખ્ય શહેર કૉન્સ્ટાન્ટિનોપલ હાથ કરે તો બાજી બદલાઇ જાય, માટે તુર્કી લોકોને મદદ કરવાને લશ્કર મોક-

લવું જરૂરનું હતું. આ લશ્કરને જર્મની સર્વિઆ અને બલગેરિઆમાં થઇને મોકલી શકે. તેથી જર્મનીએ બલગેરિઆના રાજ્યને તો પોતા તરફ મેળવી લીધું. બલગેરિઆ અને સર્વિઆને સને ૧૯૧૨–૧૩ ના બાલ્કન વિગ્રહ પછી દુશ્મનાવટ ઉભી થઇ હતી અને તેનો લાભ જર્મનીએ પૂરેપૂરો આ વખતે લીધો. ખરૂં જોતાં તો બલગેરિઆ રૂશિઆની મદદથી સ્વતંત્ર થયું હતું, તોપણ આ વખતે તે સ્વાર્થથી આંધળું બનીને રૂશિઆનો ઉપકાર ભૂલી જઇ ઉલટું તેના દુશ્મનના પક્ષમાં ભળ્યું.

સર્વિઆની ઉત્તરે ડાન્યુબ નદી ઓળંગી ઑસ્ટ્રિયા અને જર્મનીનું લશ્કર વધ્યું તથા બેલગ્રેડ, સેમેન્ડ્રિઆ વિગેરે સ્થળો લઇ લીધાં. બીજી બાજુએથી બલગેરિઅનોએ પણ પૂર્વ અને દક્ષિણ બાજુથી સર્વિઆ પર ચઢાઇ કરી, અને નિશ, અસ્કબ વિગેરે ગામો લીધાં. સર્વિઅનોએ આવા ત્રેવડા હુમલા સામે પણ ઘણી બહાદુરીથી બચાવ કર્યો; પરંતુ ઘરા જ-

બરા લશ્કરની સામે લડતાં આખરે તેઓને પાછા હઠવું પડયું. સર્વિઅન પ્રજા ઉપર પણ દુશ્મનોએ ઘણો કેર વર્તાવ્યો. આવા સંજોગ વચ્ચે સર્વિઅનોને મદદ કરવાને મિત્રરાજ્યોએ તૈયારી કરવા માંડી, અને અંગ્રેજ તથા ફ્રેન્ચનું લશ્કર ગ્રીસના સાલોનિકા બંદરમાં ઉતર્યું. ગ્રીસ અને સર્વિઆ વચ્ચે કરાર હતા કે બલગેરિઆ હુમલો કરે તો એક બીજાને મદદ કરવી. પરંતુ ગ્રીસના રાજાએ તે કરાર પ્રમાણે વર્તવા ના પાડી; પણ મિત્રરાજ્યોને સાલોનિકા બંદરનો તથા સાલોનિકાથી સર્વિઆ જતી રેલ્વે છૂટથી ઉપયોગ કરવાની રજા આપી, અને ઇંગ્લાંડ અને ફ્રાન્સનું લશ્કર સર્વિઆની મદદે જઇ શકયું. આ લશ્કરે બલગેરિઆમાં આવેલા સ્ટ્રૂમનિત્ઝાનું શહેર હાથ કર્યું અને ત્યાંથી તે સરવીઆમાં આવેલા ક્રીબોલા શહેર સુધી આવી પહોંચ્યું છે. જેવી રીતે ઇંગ્લાંડ અને ફ્રાન્સ સરવીઆની મદદે ગયાં તેવી રીતે ઇટાલી પણ લશ્કર મોકલવા તૈયાર થયું છે, તેમજ વળી રૂશિ-

આએ બલગેરિઆપર હુમલો કરવા સારૂ લગભગ ત્રણ લાખ માણસ રૂમાનિઆની સરહદ ઉપર ભેગું કર્યું છે; અને આશા રાખવામાં આવે છે કે રૂમાનિઆ તે લશ્કરને પોતાના મુલકમાં થઇને જવા દેશે.

પ્રકરણ ૭.

લડાઇનો સંક્ષિપ્ત સાર.

કોઇ એમ પ્રશ્ન કરશે કે ઇંગ્લાંડ અને મિત્રરાજ્યો આટલાં બધાં બળવાન્ છતાં કેમ હજી સુધી લડાઇનો અંત આવતો નથી, અથવા લડાઇનો એકદમ નીવેડો આવે એવો સખત ઘા જર્મની ઉપર મારવામાં કેમ વિલંબ થાય છે. એનો જવાબ સહેલો છે, તે એ કે અગાઉ કહી ગયા તે પ્રમાણે ઘણાં વરસો થયાં જર્મની પોતાનું લશ્કર અને નૌકાબળ વધાર્યું જતું હતું, તથા દારૂગોળા અને તોપોનો પુષ્કળ સંગ્રહ કર્યું જતું

હતું. તેની દાનત મૂળથીજ ફ્રાન્સ તથા રૂશિઆને ખોખરાં કરી વખત આવ્યે ઈંગ્લાંડની સામે લડાઇ-માં ઉતરવાની હતી. એથી ઉલટું બ્રિટિશ સરકારની નિષ્ઠા અસલથીજ ઘણી પવિત્ર હતી. યુરોપનાં મોટાં રાજ્યોમાં જ્યારે જ્યારે કાંઇ તકરારનું કારણ ઉભું થતું ત્યારે ત્યારે ઇંગ્લાંડ વચ્ચે પડી કોઇ પણ રીતે સમાધાનીપર વાત લાવી યૂરોપની તેમજ દુનિયાંની સુલેહ જાળવી રાખવાને અત્યારસુધી પ્રયાસ આવ્યું હતું. એટલે આ વખતે એકાએક લડાઈમાં ઉતરવું પડશે એમ ઇંગ્લાંડને સ્વપ્નામાં પણ ખ્યાલ ન હતો. તેથી નૌકાબળની તૈયારી જે હમેશને માટે ઇંગ્લાંડ રાખી રહ્યું છે તે સિવાય ભૂમિસેનાને લડાઇ-માં ઉતારવાની તેની પૂરતી તૈયારી ન હતી. આ પ્રસંગે જણાવવું જોઈએ કે ગ્રેટબ્રિટન અને આયર્લાંડ સિવાયના યૂરોપના બીજા દેશોમાં ફરજીયાત લશ્કરી શિક્ષણની પદ્ધતિ છે, તે પ્રમાણે સઘળા પુરુષોને અમુક વખત સુધી લશ્કરમાં નોકરી કરવી પડે છે,

અને લડાઇના વખતમાં તેમને લડવાને માટે રાજ્ય તરફથી બોલાવવામાં આવે છે. પણ ઇંગ્લાંડમાં લશ્કરી નોકરી કરવાનું દરેકની મરજીપર છે. આવા વૉલન્ટીયરો ઇંગ્લાંડમાં ઘણા છે અને ધીમેધીમે તેની સંખ્યા વધતી જાય છે. આવી રીતે પૂરેપૂરી તૈયારી નહિ હોવાને લીધે શત્રુનો પરાજય કરવામાં વિલંબ થાય છે એટલુંજ; બાકી અન્તે તો ઇંગ્લાંડ જેણે સત્ય અને સ્વતંત્રતાના પક્ષમાં તલવાર ખેંચી છે તેનો અને મિત્રરાજ્યોનો જય થવાનોજ તેમાં સંશય નથી.

આજ લડાઇની શી સ્થિતિ છે તેનો વિચાર કરીશું તો માલમ પડશે કે જર્મની ૫૦૦માઇલ બેલજીયમ અને ફ્રાન્સની, ૮૦૦માઇલ રૂશિઆની, અને ૨૦૦માઇલ સર્વિઆની એમ બધી મળીને ૧૫૦૦માઇલની, એટલે કે મુંબઇથી કલકત્તા કરતાં પણ વધારે લાંબી સરહદપર લડાઈ કરી રહ્યું છે. તેની સામે ઇંગ્લાંડ અને મિત્રરાજ્યોએ અત્યારસુધી ટક્કર ઝીલી છે, તથા

મદોન્મત્ત થયલા દુશ્મનના લશ્કરને ધીમેધીમે થકવી નાંખીને યોગ્ય તક આવ્યે તેમનાપર એકસામટો હુમલો કરવાની રાહ તે જુએછે. બ્રિટિશ લશ્કરી પ્રધાન લૉર્ડ કિચનરે લડાઇની શરૂઆતમાં ભવિષ્યવાણી કહી છે કે ' લડાઈ ત્રણ વરસ ચાલશે. ' એ મુદત વીત્યા અગાઉ બ્રિટિશ તથા મિત્રરાજ્યોનો જય થાઓ, અને ઇંગ્લાંડનો વિજયી વાવટો આપણી હિંદભૂમિપર કાયમ અને અચળ ઉડતો રહો એવું આપણે પ્રભુપાસે માગીએ છીએ.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે
છાપ્યો. પાંચકૂવા નવા દરવાજા—અમદાવાદ.

